

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં 'કોટન પેસ્ટિંગ' એક્ટિવિટી આયોજિત કરવામાં આવી હતી, જેમાં જુનિયર કક્ષાનાં બાળકોને શિક્ષિકાઓએ ચાર્ટ પેપર ઉપર પેંગ્વિન, સ્નોમેન, શીપ, ઈગ્લૂ, રેબિટ વગેરે જેવાં ચિત્રો ઉપર કોટન પસ્ટિંગ કરાવ્યું હતું. સિનિયર કક્ષાનાં બાળકોને ક્રાફ્ટ બૂકમાં અલગ અલગ ચિત્રો જાતે ડ્રો કરાવીને તેમાં કોટન પેસ્ટિંગ કરાવ્યું હતું. બાળકોએ રસપૂર્વક આ એક્ટિવિટીમાં ભાગ લીધો હતો અને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ફેન્સી ડ્રેસ કૉમ્પિટિશન' યોજાઈ




ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન' યોજાઈ ગઈ, જ્યાં નાનાં ભૂલકાઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, કાયદાના રક્ષક પોલીસ, ડોક્ટર, સ્પાઈડરમેન, , મિસ વર્લ્ડ, વ્હોટસએપ, શાકભાજીવાળા, રમકડાંવાળા, આસમાનની પરી, શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, ટ્રાફિક સિગ્નલ વગેરે પાત્રને અનુરૂપ વિવિધ પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરીને શાળામાં આવ્યાં હતાં તથા પાત્ર અનુરૂપ સ્પીચ પણ આપી હતી. જજ તરીકે કુંતલ શુક્લ, ખુશ્બુ મિસ્ત્રી,તેજલ બારોટ, અમરિન સિદીકીએ પોતાની સેવાઓ આપી હતી. શાળાનાં પ્રિન્સિપાલ જીજ્ઞા દર્પણ બુચે આ તબક્કે શાળાના સ્ટાફ મિત્રોનો તેમજ વાલીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## જન્મદિને વધામણી



ડો. યશવંત છાટબાર
સિનીયર ઈએનટી સર્જન
મો. ૯૩૨૭૦ ૧૧૪૪૦



ચારૂલતા બી રાવલ



ધ્રુવીબા
ખુમાનસિંહ ગોહિલ
મો. ૯૮૨૪૫ ૦૧૩૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક




વડોદરા ખાતે અમેરિકન સ્કૂલ ઑફ બરોડા સીબીઍસઈ વેસ્ટ ઝોન ક્લસ્ટરની બાસ્કેટ બૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વેસ્ટઝોનની કુલ ૩૨ ટીમોએ ભાગ લીધો હતો.

ડીપીઍસ ગાંધીનગરની અન્ડર-૧૭ ગર્લ્સની ટીમે બીજી ૩૦ ટીમોને પાછળ રાખી દઈને સમગ્ર વેસ્ટઝોનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. ડીપીઍસ ગાંધીનગરની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં ડીપીઍસ બોપલની શક્તિશાળી ટીમને પરાસ્ત કરીને સૅમી ફાઈનલમાં જામનગરની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી સ્કૂલને કુશળતાપૂર્વક હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવી લીધું હતું. શાળાના આચાર્ય અતનુ રથે સમગ્ર શાળા પરિવાર વતી વિદ્યાર્થિનીઓની ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## લીંબોદરા હાઈસ્કૂલ ખાતે ખેલાડી સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી પીપીઆર શાહ હાઈસ્કૂલ, લીંબોદરામાં કોલોરન્ટ કંપનીના ઍમડી સુભાષભાઈ ભાર્ગવ તથા રશ્મિબેન ભાર્ગવના અધ્યક્ષસ્થાને ખેલ મહાકુંભ ૨૦૧૯માં તાલુકા અને જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શાળાના ખેલાડીઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ચૅસ, યોગાસન, ઍથ્લેટિક્સ, કબડ્ડી તેમજ કુસ્તી અને જુડો જેવી વિવિધ રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતા ક્રમ મેળવી શાળાનું તેમજ ગામનું ગૌરવ વધારનારા ખેલાડીઓને મૅડલ તથા પ્રમાણપત્ર આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે રાજેશભાઈ તથા લાયોનેસ ક્લબ, ગાંધીનગરનાં ફાલ્ગુનેબન, ગુજરાતનાં બેસ્ટ સ્વીમર આહના ચોક્સી અને હૅપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીરભાઈ રામી ઉપસ્થિત રહ્યા હતા. લીંબોદરા સેવા સમાજના પ્રમુખ નરેશભાઈ શાહ, આશિનીબેન અને મંડળના ટ્રસ્ટીઓના હસ્તે વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહક ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા.



ગરબા સૌ કોઈ ગુજરાતીઓને પ્રિય હોયછે. ગરબાનું નામ સાંભળતાંની સાથે જ ગુજરાતીઓના પગ થનગનવા લાગતા હોય છે. બાળકો પણ રસ મજાના ગરબાનો લ્હાવો લઈ શકે તે હેતુથી શાળા-પરિવાર દ્વારા ઓમકાર ઈન્ટરનેશનલ ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પારંપરિક વેશભૂષામાં સજ્જ થઈને ગરબાનો લ્હાવો લીધો હતો. શાળા પરિવાર દ્વારા ડ્રેસ અને પરફોર્મન્સ માટે ઈનામો પણ વિજેતા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે સૌએ આરતીનો લાભ પણ લીધો હતો.

## શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા તાલીમાર્થીઓને શુભેચ્છાઓ અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર પ્રેરિત ઉમિયા કેરિયર ઍકેડેમી દ્વારા જીપીઍસસી વર્ગ-૧,૨ તથા વર્ગ-૩ની સરકારી તથા અન્ય ભરતી માટેની તૈયારી કરતા ઉમેદવારો માટે તાલીમ વર્ગ તા. ૪ જુલાઈથી શરૂ કરવામાં આવ્યો હતો, જે ૧૯ ઑક્ટોબરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. આ તાલીમ વર્ગના ઉમેદવારોને શુભેચ્છા પાઠવવા માટે એક કાર્યક્રમ શુક્રવારે યોજવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ ભરતભાઈ બી પટેલ, મહામંત્રી ભોળાભાઈ આઈ પટેલ અને શિક્ષણ સમિતિના ચેરમેન શિવુભાઈ જે પટેલ તથા સંચાલક દ્વારા પરીક્ષાઓમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એક્સટર્નલ કોર્સિસ પુનઃ શરૂ કરવા વિદ્યાર્થીઓ દ્વારા માગણી

ગાંધીનગર, તા. ૧૧

હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક્સટર્નલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનું બંધ કરેલ છે. જેના કારણે આ વિસ્તારના નોકરિયાતો ગૃહિણીઓને અને વ્યવસાય કરતા લોકોને એક્સટર્નલ અભ્યાસ કરવાની પ્રબળ ભાવના હોવા છતાં પણ એક્સટર્નલ કોર્સિસ જેવા કે બીએ, બીકોમ, એમએ, એમકોમ વગેરેમાં એડમિશન લઈ શકતા નથી. તેના કારણે સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારમાં રહી તથા નોકરી કે વ્યવસાય સાથે એક્સટર્નલ અભ્યાસક્રોના માધ્યમે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેવા પામી રહ્યા છે.

તાજેતરમાં સૌરાષ્ટ્ર અને યુનિવર્સિટી-રાજકોટ દ્વારા લેવાયેલા આ નિર્ણયને કારણે સેંકડો વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી ઘડી શકતા નથી. ભૂતકાળમાં આ વિસ્તારમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક્સટર્નલ એકઝામ લેવાતી હતી. ત્યારે સેંકડો યુવાનોએ પોતાની કારકિર્દીનું નિર્માણ કરેલ છે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના યુવાધન સુધી જ્ઞાનને પહોંચાડવાના ઉમદા ઉદ્દેશને સાકાર કરવાની નૈતિક જવાબદારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રહેલી છે.

સુત્રો દ્વારા જાણવા મળેલ માહિતી અનુસાર આ અંગે જરૂરી રિન્યુઅલ પ્રક્રિયા ના થવાના કારણે એક્સટર્નલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનું બંધ કરેલ છે. પ્રધાનવમંત્રી અને રાજકોટના જન પ્રતિનિધિ મુખ્યમંત્રી દ્વારા જ્યારે સ્કિલ ડેવલપમેન્ટ માટે મોટા પાયા પર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તે સમયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક્સટર્નલ અભ્યાસક્રમો બંધ કરવાનું પગલું હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દીનું નિર્માણ કરવાની તક પુરી નહિ પાડી શકે પરંતુ આ અંગે જરૂરી સ્ટેચ્યુટમાં સુધારો કરી હજારો વિદ્યાર્થીઓના હિતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક્સટર્નલ અભ્યાસક્રમો શરૂ થાય તે અંગે લોક લાગણી જોવા મળી રહી છે.

## અમદાવાદમાં આજે યોજાશે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ



### 'સંકલ્પ ફોર ખાદી એન્ડ બાપુ ૧૫૦'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર દેશ અને એટલે સુધી કે વિશ્વના અનેક દેશોમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી આ વર્ષે થઈ રહી છે ત્યારે 'સંકલ્પ ફોર ખાદી' ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ૧૩મી ઓક્ટોબર રવિવારના રોજ 'સંકલ્પ ફોર ખાદી એન્ડ બાપુ ૧૫૦'નું અનેરું, અનોખું આયોજન કરવામાં આવ્યું છે. આ એક વિશિષ્ટ એવું કન્વેન્શન છે જ્યાં ગાંધીજીના વિચારો આજના આધુનિક યુગમાં કેટલા સાર્થક છે તેના પર પ્રકાશ પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રીય રાજ્યમંત્રી, પંચાયતી રાજ, કૃષિ અને ખેડૂત કલ્યાણ પુરૂષોત્તમ રૂપાલા, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્યામ જાજુ, ઉત્તરપ્રદેશ સરકારના મંત્રી અને વરિષ્ઠ ભાજપ નેતા સુનિલ ભારલા, ઈન્ડસ્ટ્રી, સિવિલ સોસાયટીના મહાનુભાવો તથા સન્માનીય ગાંધીવાદીઓ ઉપસ્થિત રહેશે.

સંકલ્પ ફોર ખાદી મૂળભૂત રીતે સંકલ્પ ફોર ખાદીના ફાઉન્ડર પ્રેસિડન્ટ પરિધિ શર્માએ ઉઠાવેલું કદમ છે અને એક ગાંધીવાદી તેમજ સાચા રાષ્ટ્રવાદી તેમજ દેશભક્ત તરીકે તેઓ હંમેશા ખાદી વીવર્સ અને તેમના પરિવારોના ઉત્થાન માટેના અભિયાન પર કામ કરે છે. તેઓ દૃઢપણે માને છે કે ખાદી ભારતના આઝાદીના ફેબ્રિકના સ્થાને હવે ભારતના ફેશન માટેનું ફેબ્રિક બનશે કેમકે ખાદીમાં ભારતના દરેક ખૂણે તેની સાથે સંકળાયેલા લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવવાની અપાર સંભાવનાઓ રહેલી છે.

રવિવારે, ૧૩ ઓક્ટોબરે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનાર 'સંકલ્પ ફોર ખાદી એન્ડ બાપુ ૧૫૦' કાર્યક્રમમાં મુખ્ય આકર્ષણોમાં ગરબા ઈન ખાદી, રૂટ્સ ઓફ ઈન્ડિયા (ફેશન રેમ્પ વોક), ગાંધી સ્મૃતિ ચિહ્ન એવોર્ડ્સ, ગાંધી વિથ અસ એન્ડ વિધઈન અસ - એક અનોખી પેનલ ડિસ્કશન વગેરે સામેલ રહેશે.

# અંગ્રેજી શિક્ષણની માતૃભાષા પર અસર



માતૃભાષા ચિંતન
હર્ષદ પ્ર શાહ
matrubhasha.gaurav@gmail.com

ફેબ્રુઆરી, ૧૮૩૫માં ટી બી મૅકોલેએ બ્રિટિશ સંસદમાં એક ભાષણ આપ્યું, જેમાં કહ્યું : 'હું હિન્દુસ્તાનના ખૂણે ખૂણે ફર્યો છું. મને ક્યાંય ભિખારી ન મળ્યો, કોઈ ચોર ન મળ્યો. આટલી સમૃદ્ધિ, આટલું શ્રેષ્ઠ ચારિત્ર્ય અને જીવનમૂલ્યો પ્રત્યેનું સમર્પણ મેં બીજે ક્યાંય નથી જોયું. લોકો એટલા પ્રતિભાસંપન્ન છે કે દેશનાં આવાં મર્મસ્થાનોને ભેદ્યા વિના આ દેશ પર આપણું રાજ્ય સ્થાપિત કરી શકાય એવું લાગતું નથી. આ દેશની કરોડરજ્જુ છે - આ દેશનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો. એથી હું દરખાસ્ત મૂકું છું કે એમની પ્રાચીન, પરંપરાગત અને અધ્યાત્મ પર આધારિત શિક્ષણ-પદ્ધતિને જ બદલી નાખવી જોઈએ. જે દિવસે આ દેશના લોકો એવું સમજવા લાગશે કે જે કંઈ યુરોપીયન છે, જે કંઈ અંગ્રેજી છે તે બધું સર્વશ્રેષ્ઠ છે અને જે બધું અમારું છે તે નિકૃષ્ટ છે, તે દિવસે આ દેશ પર આપણું અધિરાજ્ય સ્થપાઈ ગયું છે તેમ માનજો.'

મૅકેલોએ ઉચ્ચારેલા વાક્યનો મર્મ આપણે આજ સુધી સમજ્યા નથી. 'આ દેશની કરોડરજ્જુ છે - આ દેશનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો.' આપણી કરોડરજ્જુમાં આપણા આખા શરીરનું ચેતાતંત્ર સમાયેલું છે. શરીરના પ્રત્યેક અંગની ક્રિયાશીલતાનો આધાર કરોડરજ્જુ છે. મૅકેલો જે સમજ્યો તે આપણે ન સમજ્યા. આપણે તો અંગ્રેજી શિક્ષણને અપનાવી લઈને આપણી પોતાની જ કરોડરજ્જુ પર પ્રાણઘાતક પ્રહાર કર્યો. રાજા રામ મોહનરૉય અને નર્મદ જેવા સમર્થ સમાજસુધારકો પણ અંગ્રેજોની આ માયાજાળમાં ફસાયા અને અંગ્રેજી શિક્ષણનું સમર્થન કર્યું.

૧૮૩૫માં ટી બી મૅકોલેને બ્રિટિશ સંસદે ભારતના શિક્ષણમંત્રી તરીકે નિયુક્ત કર્યો અને ૭ માર્ચ, ૧૮૩૫ના દિવસે અંગ્રેજી શિક્ષણ માટેનો અધિનિયમ 'ઈંગ્લિશ ઍજ્યુકેશન ઍક્ટ ૧૮૩૫' તરીકે અમલમાં આવ્યો. તત્કાલીન ગવર્નર જનરલ વિલિયમ બેંટિકે આ કાયદાના અરકારક અમલ માટે બધી વ્યવસ્થાઓ પૂરી પાડી... અને થોડા જ મહિનામાં અંગ્રેજી શિક્ષણે ભારતની ધરતી પર એનો પ્રભાવ પાથરવા માંડ્યો.

ટી બી મૅકોલેએ ૧૮૩૬માં એના પિતાને એક પત્ર લખ્યો, જે અક્ષરશઃ નીચે આપું છું -

કલકત્તા,
ઑક્ટોબર, ૧૨, ૧૮૩૬

પરમ પ્રિય પિતાજી,

આપણી શાળાઓ ખૂબ સરસ રીતે ઉન્નતિ કરી રહી છે. હિન્દુઓ પર આ શિક્ષણનો પ્રભાવ અદ્ભુત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ એવો નથી કે જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નૈતિક રીતે પોતાને હિન્દુ કહે છે અને કેટલાક ખ્રિસ્તી બની રહ્યા છે.

મારો વિશ્વાસ છે કે જો આપણી શૈક્ષણિક નીતિ આ રીતે જ ચાલતી રહી તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષમાં એક પણ એવો બંગાળી બાકી નહીં બચ્યો હોય જે મૂર્તિપૂજક હોય. આ કામ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઈ જશે. એમના ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું અંગ્રેજી જ્ઞાન અને આપણી વિચારધારાનો પ્રભાવ વધારવાથી એ કામ આપમેળે થઈ જશે.

આવી સંભાવના પર મને અત્યંત પ્રસન્નતા થઈ રહી છે.

- આપનો પ્રિય
ટી. બી. મૅકોલે

૧૯૩૫થી ૨૦૧૯ - આજ સુધીની ૧૮૪ વર્ષની આ દેશની યાત્રામાં અંગ્રેજી શિક્ષણને આપણે એક તીર્થ તરીકે પૂજતા આવ્યા છીએ. સ્મૃતિભ્રંશ થયો હોય એવા માનવીની જેમ સમગ્ર રાષ્ટ્ર આજે અંગ્રેજી શિક્ષણની ઘેલછામાં જીવી રહ્યું છે. આપણે જો કેવળ અંગ્રેજી ભાષાને એક ભાષાના રૂપમાં સ્વીકારી કે અપનાવી હોત તો આપણી આજે છે તેવી દુર્દશા ન હોત. ભાષાકીય ગુલામી, સાંસ્કૃતિક અધઃપતન, સ્વત્વનો હ્રાસ, સ્વાભિમાનનો ક્ષય, રહેણીકરણી અને વેશ-પરિવેશની વાનરનકલ! આમ ચોમેર, જ્યાં નજર નાખીશું ત્યાં શતમુખ વિનિપાત જ દેખાશે. પરિવારો તૂટી રહ્યાં છે. યુવાશક્તિ ભયાનક રીતે ભૌતિકવાદનો શિકાર બની રહી છે. અત્યારે આપણે બાહ્ય ભૌતિક વિકાસથી ભલે ખુશ થતા હોઈએ પણ જે ગતિથી સાંસ્કૃતિક અધઃપતન થઈ રહ્યું છે તે આપણને દેખાતું નથી. ૬૦ વર્ષથી ઉપરના લોકો ૧૫-૨૦ વર્ષ પછી નહીં હોય ત્યારે ભયંકર શૂન્યાવકાશ સર્જાશે એવું ભાસી રહ્યું છે.

વાસ્તવમાં જ્યારે સ્વતંત્રતા મળી ત્યારે ૧૯૪૭થી જ આપણે પરિવર્તનની દિશા પકડી શક્યા હોત. ત્યારે પરિવર્તનના પવનની તીવ્રતા પણ હતી. સ્વતંત્રતા મળી ત્યારે જ જો પરિવર્તનની પ્રક્રિયા આરંભી દીધી હોત તો બે-પાંચ વર્ષોમાં બધું ઠીક થઈ ગયું હોત. અત્યારે તો અંગ્રેજી ભાષા નાનપણથી જ ભણાવી દેવાની વાલીઓની ઘેલછા પરાકાષ્ઠાએ છે. માતૃભાષાનો કક્કો આવડે કે ન આવડે, બે વર્ષના બાળકનેક 'એબીસીડી' અને અંગ્રેજી રાઈમ્સ બોલતાં કરી દેવાય છે. આમ કરવાથી નાનાં બાળકો માતૃભાષાથી તો જોજનો દૂર થતાં જાય છે, પણ માતૃભૂમિની મહેક અને સંસ્કૃતિની સુગંધ પણ માણી શકતાં નથી.

આવું કરવાથી આપણે બાળકોને કેટલી હદે બગાડીશું? ભાષા અને અંગ્રેજી શિક્ષણની કહેવાતી આધુનિકતાએ કેવી વિકૃતિ સર્જી છે! બાળકોને શુદ્ધ ભારતીય ભોજન - રોટલી, દાળ, ભાત, શાક - ભાવતું જ નથી. મૅગી, પિત્ઝા અને બર્ગર જ ભાવે છે. મુઠિયાં નહીં, મંચુરિયન જ ભાવે છે. ન ખાવાનું કાય છે, પૌષ્ટિક કંઈ ખાતાં નથી. તન-મન-બુદ્ધિ ક્ષીણ થતાં જાય છે. સ્વાસ્થ્ય કથળતું જાય છે. નાની ઉંમરમાં ચશ્માં આવી જાય છે. મેદાની રમતોને બદલે વીડિયા ગેઈમ્સ જ ગમે છે. નિર્ભીક બનવાને બદલે નિર્વીર્ય બને છે. લખવાને બદલે માત્ર કમ્પ્યુટર જ વાપરે છે. બે લીટી માતૃભાષામાં સાચી લખતાં આવડતું નથી. અક્ષર બગડી ગયા છે. શું આવાં વિકૃત પરિવર્તનો આપણને દેખાતાં જ નથી? માતૃભાષા અને માતૃભૂમિને ભૂલીને જ જો નવી પેઢી જીવશે તો આનાથી પણ વધુ ઘાતક પરિણામો આવશે.

અંગ્રેજી શિક્ષણની માઠી અને વિકૃત અસરો આપણા રોજિંદા જીવન પર કેટલી બધી પડી રહી છે તેનો વિચાર કરીએ. જે ભારતભૂમિમાં આપણે જન્મ લીધો છે એમાં આપણે આપણો જન્મદિવસ વિચિત્ર રીતે ઊજવી રહ્યા છીએ. જ્યારે મનપ્રદેશમાં અજવાળું પાથરવું જોઈએ ત્યારે, તે દિવસે આપણે મીણબત્તી બુઝાવીને અંધારું કરીએ છીએ. જે દિવસે આપણે ત્યાગ કરીને સમાજઋણ ચૂકવવાનો પ્રયત્ન કરવો જોઈએ તે દિવસે આપણે મિત્રો અને પરિવાર સાથે મોંઘીદાટ હોટલોમાં પૈસો પાણીની જેમ વાપરીએ છીએ. બે હાથ જોડીને નમસ્તે, જય શ્રીકૃષ્ણ જેવા શબ્દોથી અભિવાદન કરવાને બદલે હસ્તધૂનન કરીએ છીએ અને આપણી શક્તિનો વ્યય કરીએ છીએ. અને આધુનિકતાનો અહમ પોષીએ છીએ. હાય, હૅલો અને ગુડ મોર્નિંગ જેવા શબ્દોથી વિદેશી પરિવેશની પરિધીમાં પ્રવેશ કરીએ છીએ. વાતવાતમાં અંગ્રેજી શબ્દો બિનજરૂરી રીતે વાપરીએ છીએ અને આપણી પોતીકી ભાષાના અર્થસભર શબ્દો ભૂલતા જઈએ છીએ. નવી પેઢીનું શબ્દભંડોળ તો દયનીય રીતે ક્ષીણ થતું જઈ રહ્યું છે. ટૂંકમાં, અંગ્રેજી શિક્ષણની આપણી સંસ્કૃતિનો હ્રાસ કરનારી નાની નાની અનેક બાબતો તરફ આપણું ધ્યાન જ નથી. સ્વભાષા, સ્વભૂષા અને સ્વત્વ બધું વિલીન થઈ રહ્યું છે. બધું જ વિદેશી, સ્વદેશી કંઈ નહીં! સંસ્કૃતિ અને આપણી ઓળખ ટકશે શી રીતે? શું ભારત ઈંગ્લેન્ડનું પરગણું છે?